# ઉખાણાં સંગ્રહ



સંકલન

**શ્રી લાલજીભાઇ બી. પંચાલ.**

**શ્રી હાથીપુરા પ્રા.શાળા.**

**તા- પાટડી , જિ- સુરેન્દ્રનગર.**

(1) પેટ મારૂં પોલુંને , માર ખાઇને બોલું,
મારે એનું ગળું ઝાલી આમ-તેમ ડોલું. (ઢોલ )

(2) લાલ કિલ્લામાં કાળા સિપાહી,
લીલી દિવાલમાં ગયા સમાઇ . (તરબૂચ)

(3) રાતાં ચણાને પેટમાં પાણાં ,
ખાતાં એને રંકને રાણાં. (ચણીબોર)

(4) સૂ સૂ કરતો આવું છું,
વાદળ ખેંચી લાઉં છું.
ફૂલ-પાન ડોલાવું છું,
નદી જળ-હલાવું છું. (પવન )

(5) કાળો છે પણ કાગ નહીં,
દરમાં પેસે પણ નાગ નહીં.
ઝાડે ચડે પણ નાગ નહીં
છ પગ પણ પતંગિયું નહીં. (મકોડો)

(6) એક જનાવર ઇત્તું ,ઇ પૂંછડે પાણી પીત્તું. (દિવો)

(7) લાલ ભેંસે ટોપી પહેરી,
કાગળ ખાવા બેઠી.
ખાધું એટલું ગામેગામ
મેં તો વહેંચી દીધું. ( ટપાલપેટી)

(8) ખેતર વચ્ચે ડોશી દાંત કાઢે. (કાલું)

(9) મા લટકતી ને છોડી ભટકતી. (તાળું-ચાવી)

(10) એક ભાઇ ચડે ને બીજો ભાઇ ઉતરે. (રોટલો)

(11) ભર્યા કૂવામાં પાંશેરી તરે. (કાચબો)

(12) ખેતર વચ્ચે ડોસો કેડ બાંધીને સૂતો. (પૂળો)

(13) છીછરી તલાવડી છીછરી પાળ,
પાણી ના રહે પૈસાભાર. (હથેળી)

(14) એક ગોખલામાં ગોરબાઇ રમે. (જીભ)

(15) આમ જાઉં તેમ જાઉં

જ્યાં જાઉં ત્યાં પાછળ સંતાઉં

(પડછાયો)

(16) કાળી ધોળી કાબરી નગરી જોતી જાય,

લાખો પૈસા ખરચતાં મૂલ એનું ન થાય. (આંખ)

(17) બે ભાઇ દિવસે ઝઘડે ને

રાતે છાના છપ્પ. (બારણાં)

(18) તપેલીમાં તપેલી

મહીં કલંગી ઘોડો ,

ખોલાય તો ખોલો

નહીતર માથું ફોડો. (તાળું)

(19) કોઇ દિ'ના અટકું , મારું છું ના મટકું.

હાથ પર ચીટકું ને ગામેગામે ભટકું.

ટકટક બબડું ને ઘરમાંય લટકું,

આળસુંના પીરને હંમેશા હું ખટકું.

(ઘડિયાળ)

(20) આકાશે અમે ઊડીએ,

વનવગડે અમે વસીએ,

ચાંચ વડે અમે ચણીએ,

તરીએ ઊડીએ રમીએ. (પક્ષીઓ)

(21) વનવગડામાં લોહીનાં ટીપાં. (ચણોઠી)

(22) બોલે છે પણ મુખ નહીં,

ચાલે છે પણ ચરણ નહીં,

કાંટા છે પણ વાગે નહીં,

તોય જાણે આખું જગ. (ઘડીયાળ)

(23) કાળીકાળી કંકુબાઇ

આંબા ડાળે ડોલે,

મીઠાં ફળ ખાતી-ખાતી

મધુર ટહુકા બોલે. (કોયલ)

(24) લીલું અંગ રાતી ચાંચ

મીઠું-મીઠું બોલે,

ઝાડે બેસી હિંચકાં ખાતો

ડાળી ઉપર ડોલે. (પોપટ)

(25) કટ-કટ કરતું કણસલુંને
નાના-મોટા પગ,
મોટો ચાલે બાર ગાઉંને
નાનો ચાલે ડગ. (ઘડિયાળ)

(26) અંગે પહેરે અંગરખુંને
માથે ફેંટો બાંધે,
ચરરર્ કરતું ચામડું ચીરી
બા નાં ચપ્પલ સાંધે. (મોચી)

(27) હળ ચલાવે ખેતર ખેડે,
માટી ખાતર નાખે,
ઠંડી ગરમી સહન કરીને
ધરતી લીલી રાખે. (ખેડૂત)

(28) ઈંટોં ઉપર ઈંટોં ગોઠવી
કરૂ ચણતરનું કામ,
ઓળંબાથી માપ લઉં,
કહો શું છે મારું કામ ?
(કડિયો)

(29) ટાઢ તડકો વેઠીને

અન્ન કણ જે પકવતો,

કહેવાય જગતનો તાત

તો બોલો મિત્રો કોણ ? (ખેડૂત)

(30) નાનું નાનું રૂપાળું ,

રૂપાળું તે રૂ જેવું.

કાન એનાં અણિયાળાં

આંખો એની નાની ગોળ.

બોલો ભાઇ એ કોણ છે ? (સસલાંભાઇ)

(31) વનવગડામાં ઘૂમે છે

માથે મોટી જટા છે,

વનનો એ રાજા છે

બોલો ભાઇ એ કોણ છે.? (સિંહ)

(32) સીમને સેઢે ઘૂમે છે

કોઇ કહે તે લુચ્ચું છે,

હોશિયાર એની જાત છે,

બોલો ભાઇ એ કોણ છે ? (શિયાળભાઇ)

(33) લાંબા ઊંચા કાન છે

સૌથી નાની જાત છે.

ડગમગ ડગમગ ચાલે છે

કૂણાં તરણાં ખાય છે.

બોલોભાઇ એ કોણ છે. ? (સસલાંભાઇ)

(34) કોલસે સળગતી એને દીઠી

ચોમાસે લાગે તે મીઠી,

એની છે અનોખી વાત

દેખાવે તો લાગે દાંત. (મકાઇ)

(35) વનનો એ રાજા કહેવાતો

શિકાર કરીને પેટ ભરતો,

નહીં કોઇ કશાથી ડરતો

ગીરજંગલમાં જોવા મળતો. (સિંહ)

(36) પગ પાતળાને આંખ સુંદર

છે વનનું ડરપોક પ્રાણી,

તેજ ગતિએ દોડે ભાગે

ઘાસ-પાંદડાં ખાતું પ્રાણી. (હરણ)

(37) એક જ નારી ને નર બત્રીસ
જગતમાં છે સૌની પ્યારી
કહો કરીને મનમાં વિચાર
મરે પહેલાં નર અને જીવે નાર. (જીભ)

(38) રહે વૃક્ષ પર પણ પંખી નથી
ભરેલું છે જળ પણ ઘડો નથી,
માથે છે જટાં પણ જોગી નથી
છે ત્રિનેત્ર પણ શંકર નથી. (નાળિયેર)

(39) શરીર નહીં પણ જન્મું ખરી
કરૂ અવાજ પણ મોઢું નહી.
જન્મું એવી જ મરી જાઊં
ચતુર કહો હું કેમ ઓળખાઊં ? (ચપટી)

(40) ખારા જળમાં બાંધી કાયા
રસોઇમાં છે મારી માયા,
જન્મધર્યા મેં ખારાઘોડા
મારાં દામ તો ઉપજે થોડા. (મીઠું)

(41) ઉનાળામાં સૌને ગમતી

શિયાળામાં અણગમતી

પકડો તો પકડાઉં નહીં

તો કહો હું કેમ ઓળખાઉં. ? (હવા)

(42) વાચા નહીં પણ બોલી શકે,

પગ નહી પણ ચાલી શકે

વાગે પણ કાટાં નહીં

એનાં ઇશારે દુનિયા ચાલે. (ઘડિયાળ)

(43) ખાટી-મીઠી પોચી-પોચી

રંગે લીલી કાળી છું

વેલાં ઉપર મારો જન્મ

બોલો હું કોણ છું.? (દ્રાક્ષ)

(44) કાળાંઘરમાં રહેતી,

લાલ પાણી પીતી

રણમેદાને ચમકતી

બોલો મિત્રો હું કોણ છું ? (તલવાર)

(45) કાળીકાળી છું હું

કાદવ પાણીમાં નહાઉં
ધોળું-ધોળું દૂધ દેતી
ભરવાડને હું બહું ગમતી. (ભેંસ)

(46) મોટીમોટી આંખો મારી
નાક જાણે નાનું બૂચ
કૂતરો જોઇને દાબી દઉં પૂંછ
મારી મોટી પાતળી પૂંછ. (બિલાડી)

(47) હાથમાં કોઇની આવું નહીં
નજરે કોઇને દેખાઉં નહીં
જો કોઇ મારી કદર નકરે
તો જીવનભર પછતાયા કરે. (સમય)

(48) દૂધ મલાઇ મને બહું ભાવે
વાઘની માસી સૌ કહે મને
કૂતરાને જોઇ હું ગભરાઉં
ઊંદર જોઇને હું લલચાઉં. (બિલાડી)

(49) હું છું મોટો કદાવર
સૂંપડા જેવાં મારાં કાન

લાંબી લાંબી મારી સૂંઢ
ટૂંકીટૂંકી મારી પૂંછ. (હાથી)

(50) માથા પર મોટી જટા
ને જટામાં વહે ગંગા,
હાથમાં ત્રિશૂળ ને ડમરૂં
સાપનું ઘરેણું ને વાઘચર્મ પહેરું. (શિવજી)

(51) પળવારમાં કરી દે રાખ
ચારે બાજુ ફેલાવે ઉજાસ
અનાજ એ રાંધે છે
આદિમાનવની શોધ છે. (અગ્નિ)

(52) મુઠ્ઠી જેવડો ચોકીદાર
સાચવે ઘર અને દુકાન,
પણ કોઇ દિવસનાં માગતો
ભાડુ કે વેતન. (તાળું)

(53) જગ આખાની લોકમાતા
પિતા એનો પહાડ ,
પાણી પાતી પ્રેમથી

પશુ-પંખી માને પાડ ! (નદી)

(54) ટાઢ તડકો વેઠીને
અન્નકણ જે પકવતો ,
કહેવાય જગતનો તાત
તો બોલો મિત્રો કોણ ? (ખેડૂત)

(55) ધોમધખતો તાપ સહીને
દેતું શીતળ છાંય ,
પથ્થર મારો તો પણ
દેતું મીઠા ફળ. (વૃક્ષ)

(56) કઠોળનો હું ઝીણો દાણો
મારે માથે ચાંદું ,
બે-ત્રણ મહિના મને સેવો તો
માણસ ઉઠાડું માંદું. (મગ)

(57) પૃથ્વીનો છેડો હું
હાશ કરીને બેસે સૌ ,
સૌને વ્હાલું લાગું હું
બોલો મિત્રો કોણ હું ? (ઘર)

(58) કળિયુગનું કલ્પવૃક્ષ

શીતળ એની છાંય

ઇચ્છા કરો તે મળે

પણ ખિસ્સાંય ખાલી કરે. (હોટલ)

(59) રાત-દિવસ સીટી મારતી

હોય હોળી કે દિવાળી ,

વહાલાને ઘેર લાવતી

સૌ કોઇને મનગમતી. (ટ્રેન)

(60) લાલ, લીલી ને પીળી

ત્રણ બત્તી ધરાવું છું.

લીલી બત્તી એ દોડતાં લોકો

ને લાલે હું થંભાવું છું. (ટ્રાફિક સિગ્નલ)

(61) ગણેશજીને પ્રિય હું

બધું કાતરી ખાઉં હું ,

લોકો ત્રાસે છે મારાથી

હું બિલ્લીથી ત્રાસું છું. (ઊંદર)

(62) જ્ઞાનનો મોટો ભંડાર હું
ભલે દેખાવું નાનો
આંગળી ટેરવે ખોલાઉં છું
અજબ ગજબ ખજાનો. (કમ્પ્યુટર)

(63) ચોકી કરું ઘરની હું
ચોરને કહો ખબરદાર,
ન મને પોલીસ માનતાં
હું માણસને વફાદાર. (કૂતરો)

(64) ઋતુઓ સંગે રમતું
ક્યાંય ના હું ભટકું ,
સેવા જ મારું કામ
કહેશો મારું નામ ? (વૃક્ષ)

(65) ભીંનો મારો રંગ છે કાળો
શોભું હાથે પગે ,
કોરી થઇને સૌને શણગારું .
થઇ લાલ રંગે. ( મહેંદી)

(66) તબડક તબડક દોડે છે

ગતિમાં એ તેજ છે,

છેક પુરાણી સવારી તે

કહો વછેરું કોનું બચ્ચું છે. ? (ઘોડો)

(67) સાચો ખૂણો અંશ શોધી દે

આકૃતિ રચના સત્ય કરી દે

ભૂમિતિમાં કામ આવે એવી ચીજ

બાળક પાસે અચૂક મળું હું . (કોણમાપક)



## આભાર


સંકલન – શ્રી લાલજીભાઇ બી. પંચાલ.

મ.શિક્ષક


આવી બીજી PDF ફાઇલ માટે મુલાકાત લો.

**My Blog:- laljibhai-panchal.blogspot.in**